## સરકારી વિનયન કોલેજમાં પ્રવેશની કાર્યવાહી શરૂ

ગાંધીનગર તા, ૧૧

સરકારી વિનયન કોલેજ સેકટર-૧૫ ગાંધીનગરમાં પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ તા. ૧૨ જૂનથી શરૂ થશે. સરકારી વિનયન કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ફોર્મ મેળવી લેવા જણાવવામાં આવેલ છે.

## બાળ સાહિત્યમાં મહાશોધ નિબંધ રજૂ કરતા આરતીબેન પટેલ

*ગાંધીનગર, તા. ૧૧*

*ગુજરાતી ભાષામાં બાળ સાહિત્ય વિશે મહાશોધ નિબંધ ખૂબ ઓછા લખાય છે. છેલ્લા દાયકાની વાત કરીએ તો ચાર સાહિત્યકારોએ ચાર મહાશોધ નિબંધ રજૂ કરી પીએચ.ડી.ની પદવી મેળવી છે. ત્યારે તાજેતરમાં પાલનપુરના પ્રા. ડૉ. આરતીબેન ગો. પટેલે હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી 'જીવરામ જોષીના તથા યશવન્ત મહેતાના બાળસાહિત્યનો અભ્યાસ' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કરી પારંગત-પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.*

## હરીશ નાયક શિશુ સાહિત્ય પુરસ્કાર ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

બાળ સાહિત્યના હિત-વિકાસ અને ગૌરવને વરેલી સંસ્થા બાલ સાહિત્ય અકાદમી દ્વારા તા. ૨૨મી જુલાઈ-૨૦૧૨ને સવારે ૯.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે હરીશ નાયક શિશુ સાહિત્ય પુરસ્કાર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાશે. હરીશ નાયક-શિશુ સાહિત્ય સ્પર્ધાનો પુરસ્કાર આ વર્ષે જાણીતા લેખિકા ડૉ. રક્ષા પ્રા. દવેને એનાયત કરવામાં આવશે.

આ પ્રસંગે હરીશ નાયક અભિવાદન ગ્રંથનું તેમજ હુંદરાજ બલવાણીએ સિંધી ભાષામાં અનુવાદિત કરેલી હરીશ નાયકની વાર્તાઓના સંગ્રહનું સ્વાગત કરવામાં આવશે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રાહત દરે ચોપડાઓનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૧

વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સંસ્થાના સભ્યોના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને રાહતદરે ચોપડા આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજના સભ્યોના વિદ્યાર્થીઓ માટે તા. ૧૦મી જૂન થી ૩૦મી જૂન-૨૦૧૨ દરમિયાન વિશ્વકર્મા મંદિર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતેથી સવારના ૧૦ થી ૧૨ કલાક અને સાંજે ૬ થી ૭ કલાક સુધીમાં રાહતદરના ચોપડાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓ પોતાના ગત વર્ષના ધોરણની માર્કશીટની નકલ રજૂ કરી ચોપડા મેળવી શકશે.

## રાજપુત સમાજ ગાંધીનગર દ્વારા ચોપડાઓનું વિતરણ શરૂ

ગાંધીનગર તા, ૧૧

રાજપુત સમાજ ગાંધીનગરમાં વસતા ભાઈઓને જણાવવાનું કે, શ્રી રાજપુત સમાજ ગાંધીનગર તરફથી રાહતદરે ચોપડા વિતરણ ચાલુ કરેલ છે. માર્કશીટની ઝેરોક્ષ રજૂ કરીને ચોપડા મેળવી લેવા જણાવવામાં આવે છે.

## ગુરુ બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગરના ઘટકના ઉપક્રમે સમાજના તેજસ્વી તારલાઓને સન્માવાનો કાર્યક્રમ આગામી ઓગષ્ટ-સપ્ટેમ્બર માસમાં યોજાશે. વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માટે જે તેજસ્વી વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦માં ૭૦ ટકા અને ધોરણ-૧૨માં ૬૫ ટકા તેમજ ગ્રેજ્યુએટથી ઉચ્ચ ડીગ્રીના અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ગ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે.

બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓએ અને ડીગ્રી અભ્યાસક્રમના હોંશિયાર વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની પ્રમાણિત નકલો અને પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ સંસ્થાના પ્રમુખ દુષ્યંતભાઈ શ્રીમાળી પ્લોટ નં. ૬૦/૨, સેકટર-૩-એ ન્યુ ગાંધીનગર, મહામંત્રી સુકાનંદભાઈ શ્રીમાળી પ્લોટ નં. ૯૫૧/૧, સેકટર-૨-સી, ગાંધીનગર, ખજાનચી કનુભાઈ શ્રીગોડ પ્લોટ નં. ૪૨૮/૨, સેકટર-૧૩, કાર્યાલય મંત્રી, ચીમનભાઈ રાજગોરને પાઠ્યપુસ્તક મંડળ કવાટર્સ નં. ૭૬૨/૨, સેકટર-૨૪ અથવા રીન્કુભાઈ શ્રીમાળી, બ્લોક નં. ૯૮/૩, સેકટર-૧૭, ગાંધીનગરનો સંપર્ક કરી પહોંચતા કરવા. તેજસ્વી તારલાઓને સન્માનવા માટેના ફોર્મ દરેક સેકટરના કારોબારી સભ્ય પાસેથી મળી શકશે જેની સૌ સ્વજનોએ નોંધ લેવી.

## 'શૂન્યાવકાશમાં પડઘા' નવલકથાને ગુજરાત સાહિત્ય અકાદમીનું ઈનામ

### નવલકથા અંગ્રેજીમાં પણ ઉપલબ્ધ : હિન્દી અને મરાઠી અનુવાદ સપ્ટેમ્બરમાં પ્રકાશિત થશે

ગાંધીનગર, તા. ૧૧

જાણીતા સાહિત્યકાર જયંતિ એમ દલાલની નવલકથા 'શૂન્યાવકાશમાં પડઘા'ને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી પ્રથમ ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

પર્યાવરણ, અણુશસ્ત્રો, હિન્દુ-મુસ્લિમ ઐક્ય, આતંકવાદ અને વિશ્વશાંતિ જેવા વૈશ્વિક સાંપ્રત કાળના સળગતા પ્રશ્નોને વાચા આપવાનો પ્રયાસ કરનાર જયંતિ એમ દલાલની આ નવલકથાને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી ૨૦૧૦માં 'પ્રિયકાન્ત પરીખ પારિતોષિક'થી નવાજવામાં આવી હતી.

આ નવલકથાને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી, મુંબઈ તરફથી 'ચુનીલાલ મડિયા પારિતોષિક' ૨૦૧૦માં પ્રાપ્ત થયું હતું. આ જ નવલકથાને હવે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પણ ઈનામની જાહેરાત કરવામાં આવી છે.

આ નવલકથાનો અંગ્રેજી અનુવાદ Spatial Echoes નામે થયો છે, જેને દેશ-પરદેશમાંથી ભાવકોનો સારો આવકાર મળી રહ્યો છે. નવલકથાનો હિન્દી અનવાદ 'શૂન્યાવકાશ મેં પ્રતિઘોષ' તથા મરાઠી અનુવાદ 'શૂન્યાવકાશાતીલ પ્રતિધ્વનિ' આગામી સપ્ટેમ્બર માસમાં પ્રગટ થશે.

ઉલ્લેખનીય છે ગુજરાતી સાહિત્યને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનું ઉમદા કાર્ય કરી રહેલા આ લબ્ધપ્રતિષ્ઠિત નવલકથાકારની ચાર અનુવાદિત નવલકથાઓ અંગ્રેજીમાં પ્રગટ થઈ ચૂકી છે.



આ બંને તસવીરો સિટી પલ્સ ખાતે લેવામાં આવી છે. સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા આયોજિત ગાંધીનગર સાહિત્યોત્સવ ૨૦૧૨ અંતર્ગત ખ્યાત ઉર્દુ સાહિત્યકાર સાદત હસન મન્ટોની વાર્તા પર આધારિત ફિલ્મ 'ટોબા ટેક સિંઘ'નું નિદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટના પ્રિન્સીપાલ (ડાબેથી પ્રથમ) રામચંદ્ર શાહૂ, વિદ્યાર્થી જિમેશ પટેલ, ખંજન પટેલ, વિજય રાવલ પાર્થ પટેલ, મોનિલ ડેર અને મિલિન પટેલે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. ફિલ્મનું નિર્દેશન ઍનઆઈડીના વિદ્યાર્થી અજય કનોજિયા (ડાબેથી ત્રીજા) દ્વારા કરવામાં આવ્યું હતું.

બીજી તસવીર મન્ટો વિષયે યોજાયેલા અશ્વત્થ ભટ્ટ નિર્દેશિત-અભિનિત નાટક 'એક મુલાકાત મન્ટો સે'ની છે, જે સાહિત્યોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમના ક્રમમાં ભજવાયું હતું.

#### સ્વ. હરિશંકર પુરાણી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા

## શનિવારે ભાનુપ્રસાદ પુરાણીના પુસ્તકનું અવલોકન અને આસ્વાદ

ગાંધીનગર, તા. ૧૧

સ્વ. હરિશંકર પુરાણી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા આગામી શનિવારે ભાનુપ્રસાદ પુરાણીના પુસ્તકના અવલોકન તથા આસ્વાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લાં પંદર વર્ષોથી શિક્ષણ, સાહિત્ય અને સમાજ વિષયક પ્રવૃત્તિઓ કરતા આ ટ્રસ્ટ દ્વારા તા. ૧૬ જૂનના રોજ સાંજે ૪-૩૦ કલાકે શ્રી બ્રહ્માણી કૃપા હૉલ, ફાર્મસી કૉલેજ કંપાઉન્ડ, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅકટર-૨૩ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાનુપ્રસાદ પુરાણી લિખિત 'સ્મરણવિથીકા' પુસ્તકનું અવલોકન અને આસ્વાદયોજવામાં આવ્યો છે.

સાહિત્યમાં રસ ધરાવતા સૌ નગરજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ભાનુપ્રસાદ પુરાણી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## એમબીએ અને એમસીએમાં કુલ ૨૨૮૬૦ ફોર્મ ભરાયા

### રાત્રીના ૧૦ વાગ્યા સુધીમાં ઓનલાઈન ફોર્મ સ્વીકારાયા કુલ ૨૩૦૩૩ ફોર્મનું વેચાણ થયુ: ૧૪ જૂનથી પ્રથમ ટેસ્ટ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન એમબીએ અને એમસીએમાં પ્રવેશ માટે લેવાતી જીસેટની પરીક્ષા માટેના ફોર્મ વિતરણનો અને સ્વીકારવાનો આજે છેલ્લો દિવસ હતો. આજે છેલ્લા દિવસે ૨૩૦૩૩માંથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધીમાં ૨૨૮૬૦ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જીટીયુ સંલગ્ન એમબીએની ૧૩૨ કોલેજોમાં ૧૩૧૮૫ બેઠકો અને એમસીએની ૮૧ કોલેજોમાં ૬૬૭૦ બેઠકો માટે છે. આ બેઠકો માટે જીટીયુ દ્વારા લેવાનાર જીસેટની પરીક્ષા માટેના ફોર્મનું વિતરણ પહેલી જૂનથી શરૂ થયું હતું. જ્યારે ફોર્મ સ્વીકારવાનો આજે છેલ્લો દિવસ હતો. આજે છેલ્લા દિસે પ્રવેશ સમિતિ પાસેથી મળેલી માહિતી મુજબ પંજાબ નેશનલ બેંકમાંથી એમબીએમાં ૧૩૬૨૩ બૂકલેટ, એમસીએમાં ૭૬૭૭ બૂકલેટ અને એમબીસીમાં ૧૭૩૩ બૂકલેટ મળી કુલ ૨૩૦૩૩ બૂકલેટ અને ફોર્મનું વિતરણ થયું હતું. જે ભરીને ઓનલાઈન પરત કરવાના હતા. આમાંથી આજે છેલ્લા દિવસે સાંજે ૭.૦૦ વાગ્યા સુદીમાં ૨૨૮૬૦ ફોર્મ ભરાઈને પરત આવ્યા હતા. હેલ્પસેન્ટર ઉપર સાંજના ૬.૦૦ વાગે ફોર્મ સ્વીકારવી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી. જ્યારે ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા રાત્રીના ૧૦.૦૦ વાગ્યા સુધી ચાલી હતી. કમિટી દ્વારા પ્રથમ ટેસ્ટ તા.૧૪થી ૧૬ જૂન અને બીજી ટેસ્ટ ૧૮થી ૨૦જૂન દરમિયાન યોજાશે. ૧૦મી જુલાઈએ મેરીટ અને ૨૮મી જુલાઈએ પ્રવેશ ફાળવણી થશે અને ૩૦મી જુલાઈએ કોલેજોમાં નવા સત્રનો પ્રારંભ થશે.

## ફાર્માના ૫૭૯૬૭ ફોર્મ ભરાઈ પરત આવ્યા

અમદાવાદ, તા.૧૧

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ માટેના ફોર્મ ૫૭૯૬૭ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ પેરફિકેશન કરાવ્યા છે. હાલ ૫૯૨૩૯ બેઠકો છે અને હજી બેઠકો વધવાની શક્યતા છે. તા. ૧૩મી જૂને પ્રોવીઝનલ મેરીટ જાહેર કરાશે. એસીપીસી દ્વારા ૧૧મી મેથી ૪ જૂન દરમિયાન ફોર્મ વિતરણની પ્રક્રિય હાથ ધરાઈ હતી. પરંતુ ધો.૧૨ સીબીએસઈનું પરિણામ મોડુ જાહેર થતા ફોર્મ વિતરણની તારીખ લંબાવી ૧૧મી જૂન કરાઈ હતી. આજે છેલ્લા દિવસે મળેલી માહિતી ૬૦૮૩૪ બૂકલેટ અને ફોર્મનું વિતરણ થયુ હતું. જેમાંથી ૫૭૯૬૭ વિદ્યાર્થીએ ફોર્મ ભરી ઓરીજીનલ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા હતા.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ



॥ દસમો મણકો ॥

'શિવભાવે જીવસેવા'ના આદર્શને ચરિતાર્થ કરા આજે ભારત સહિત વિશ્વભરમાં શ્રી રામકૃષ્ણ મઠ-મિશનની અનેક શાખાઓ કાર્યરત છે. એમાંની ચાર શાખા, આશ્રમો ગુજરાતમાં રાજકોટ, વડોદરા, લીંબડી અને પોરબંદરમાં છે.

ગત અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી રામકૃષ્ણ મઠ અને શ્રી રામકૃષ્ણ મિશન એ બે સંસ્થાઓનો જન્મ તેના જોડિયા આદર્શો - 'આત્મનો મોક્ષાર્થ જગત્ હિતાય ચ' - માંથી થયો. આત્મનો મોક્ષાર્થ એટલે કે આધ્યાત્મિક ઉન્નતિ માટે, આધ્યાત્મિક પિપાસુઓ માટે શ્રી રામકૃષ્ણ મઠ, વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરે છે. જેમાં સત્સંગ કાર્યક્રમો, આધ્યાત્મિક-ધાર્મિક અનુષ્ઠાનો, આધ્યાત્મિક-ધ્યાન શિબિરો, પ્રવચનો, ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકોનું વિશ્વની મુખ્ય ભાષાઓમાં પ્રકાશન વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે જોડિયા આદર્શોપૈકીના બીજા આદર્શ : 'જગત્ હિતાય ચ' એટલે કે જગત કલ્યાણાર્થે શ્રી રામકૃષ્ણ મિશનની સ્થાપના સ્વામીજીએ કરી. શ્રી રામકૃષ્ણ મિશન દુખી માનવજાતની કોઈ પણ જાતના ભેદભાવ રાખ્યા વગર સેવા કરે છે. વિશ્વમાં ક્યાંય પણ જ્યારે જ્યારે દુષ્કાળ, પૂર, ભૂકંપ, સુનામી, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ આવી પડે ત્યારે ત્યારે દુખી માનવોના આંસૂ લૂછવા, તેમને ભૌતિક રાહત પહોંચાડવામાં શ્રી રામકૃષ્ણ મિશન અગ્રેસર રહે છે. આ ઉપરાંત, રામકૃષ્ણ મિશન ગરીબ અને રોગીઓની સેવા-સુશ્રુષા માટે દેશ-વિદેશમાં હૉસ્પિટલ્સ ચલાવે છે, જેમાં લાખો દર્દીઓની સારવાર કરવામાં આવે છે. શ્રી રામકૃષ્ણ મિશન સંચાલિત શાળા-કૉલેજોમાં લાખો વિદ્યાર્થીઓ, વિશેષ કરીને પછાત અને ગરીબ વર્ગોના વિદ્યાર્થીઓ ભણે છે, જેનો તમામ ખર્ચ મિશન વહન કરે છે. તદ્દુપરાંત રામકૃષ્ણ મિશન પુનઃ સ્થાપન કામગીરી પણ મોટાપાયે દેશભરમાં જ્યાં અને જ્યારે જરૂર ઊભી થાય ત્યારે કરે છે. સન ૨૦૦૧માં ગુજરાતમાં આવેલ વિનાશક ભૂકંપ બાદ રામકૃષ્ણ મિશને કચ્છ, પોરબંદર, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં કરેલ પુનઃ સ્થાપનની કામગીરી ગુજરાતે જોઈ છે.

હવે આપણા સ્વામીજીના જીવન-કવન વિશે આગળ ચર્ચા કરીએ. સ્વામીજી ૬ઠ્ઠી મે, ૧૮૯૭ના રોજ દાક્તરી સલાહ પર અલમોડા ચાલ્યા ગયા. તેઓ વિશ્રામ કરીને પોતાનું જીર્ણ સ્વાસ્થ્ય સુધારવા માગતા હતા. પરંતુ, જગદંબાએ પોતાનું કાર્ય પૂરું થાય એ પહેલાં પોતાના આ થાકેલા બિમાર સંતાન માટે આરામ કે સ્વાસ્થ્ય સુધારણા માટે કંઈ વિચાર ન કર્યો અને શક્તિમયી માના પુત્ર સ્વામીજી પણ પોતાનો દેહભાવ ભૂલી જઈને આત્મશક્તિથી બળવાન બનીને જનની જન્મભૂમિ માટે પોતાનું રક્ત સૂકવતા રહ્યા. વસ્તુતઃ તેઓ જ્યાં પણ ગયા, લોકોની ભીડે તેમનો પીછો ન છોડ્યો. લોકોના ઉત્સાહી અનુરોધને વશ થઈ સ્વામીજી ચમત્કારિક પ્રવચનો આપતા રહ્યા. આ પ્રવચનો શક્તિના સ્ત્રોત હતા, જેનાથી માનવ ચેતના જાગ્રત થઈ જતી. સ્વામીજી જાન્યુઆરી, ૧૮૯૮માં આલમ બાજાર મઠ પાછા ફર્યા. આ આઠ મહિનામાં સ્વામીજીએ જે પ્રવચનો આપ્યાં તે પૈકી અલમોડા, સિયાલકોટ, લાહોર અને ખેતડીમાં આપેલાં પ્રવચનો વિશેષ શક્તિપ્રદ હતાં. આ સમયગાળામાં સ્વામીજીએ તેમની પશ્ચિમની શિષ્યાઓ સાથે નૈનિતાલ, અલમોડા, કાશ્મીર અને હિમાલયનાં તીર્થ સ્થળોની યાત્રા કરી. તેમણે પવિત્ર અમરનાથ ગુફામાં શિવજીના સાક્ષાત દર્શન કર્યા. શિવજીએ સ્વામીજીને ઈચ્છા મૃત્યુનું વરદાન આપ્યું !

માર્ચ, ૧૮૯૮માં રામકૃષ્ણ મઠ માટે બેલૂરમાં ગંગા કિનારે જમીન ખરીદી. જમીન ખરીદીની રકમ સ્વામીજીની શિષ્યા કુ. ઑફ હેનરિટા મૂલરે દાનમાં આપી હતી. શ્રીમતી ઓલેબુલે પણ મકાનના બાંધકામ અને મઠના સંચાલનમાં મદદ કરી.

૯ ડિસેમ્બર, ૧૮૯૮ના રોજ બેલૂર મઠ તરીકે જગવિખ્યાત છે તે શ્રી રામકૃષ્ણ મઠનો પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાયો. આમ શ્રી રામકૃષ્ણ દેવના કાયમી સ્થાનની સ્વામીજીની સુદીર્ઘકાળની ઈચ્છા જાણે કે પૂર્ણ થઈ.

કોલકાતામાં પ્લેગ ફેલાયો, મોટી સંખ્યામાં લોકો શહેર છોડીને ભાગવા લાગ્યા. આ પરિસ્થિતિમાં માનવસેવા એ જ પ્રભુસેવા એ આદર્શને વરેલા સ્વામીજીએ પ્લેગગ્રસ્ત વિસ્તારોમાં સેવા કેન્દ્રો શરૂ કર્યા. એક ગુરુભાઈએ પૂછ્યું, 'આ કામ માટે પુષ્કળ ધનની જરૂર પડશે, તે ક્યાંથી આવશે ?' સ્વામીજીએ જવાબમાં ગંભીરતાથી કહ્યું, 'કેમ ? જરૂર પડશે તો મઠની જમીન વેચી નાખીશ. આપણે તો ફકીર છીએ. ભિક્ષા માગીને, વૃક્ષની છાયામાં રહીને દિવસ પસાર કરી દઈશું. જો જમીન વેચીને હજારો માણસોને વચાવી શકાતા હોય તો પછી તે રાખી મૂકેલી જમીન શું કામ આવવાની ?'

પણ પછી દાનની સરવાણી અવિરત ચાલુ થઈ અને જમીન વેચવાની જરૂર જ ન પડી. (અપૂર્ણ)

## વૃક્ષો વિશે અવનવું : વાંચો, વંચાવો ને વિચારો...

॥ બીજો મણકો ॥


એક જ કેળ ઉપર એક જ લૂમમાં ૫૦૦ - હા, પૂરાં ૫૦૦ કેળાં થઈ શકે છે. આ લખનારે જાતે ગણીને ખાતરી કરી છે. તો મકાઈના એક ડોડા ઉપર પૂરા એક હજાર દાણા પણ બેસે છે. હજુ સુધી તમે ગણ્યા નથી ને ? હવે મકાઈ ડોડો ખાવ ત્યારે કોશિશ કરજો, ગણજો. વાંસને ડાળીઓ જ નથી હોતી, પારિજાતને ફળ નથી હોતાં, કમળ એક એવું ફૂલ છે જે સાતે સાત રંગમાં થાય છે, વડના ઘેરાવાને કોઈ ના પહોંચે તો તાડની ઊંચાઈને કોઈ ના આંબે.

તુલસીનો છોડ કૂંડામાં થાય, કેસૂડો કૂંડામાં ના સમાય, એક વેલા ઉપર એક ગ્રામની દ્રાક્ષ થાય તો એક વેલા ઉપર વીસ કિલોનું તડબૂચ પણ થાય. ગળોના વેલા ઉપર કશુંય ના થાય પણ એને ખાવાથી એક રોગ પણ ના થાય. કમળ પાણીમાં થાય છતાં પાણીનો સ્પર્શ સુદ્ધાં ના કરે અને પેલું સૂરજમુખી જે બાજુ સૂરજ જાય એ બાજુ ફરી જાય ! કેવી અજબ જેવી વાત છે !!

પીપળા ઉપર હજારો પાંદડાં હોય છે પણ કોઈ બે પાંદડાં એક સરખાં હજુ સુધી જોવા મથી મળ્યાં. ગુલાબ, મોગરો, હજારી, જાસૂદ, રાતરાણી, કેવડો, કેટકેટલાં ફૂલો પણ કોઈની સરખી સુગંધ હજુ સુધી હોવાનું જાણમાં નથી. કેરી, જાંબુ, પપૈયું, ટેટી, સફરજન - ફળો કેટલાં બધાં છે ? પણ કોઈ ફળનો એકસરખો સ્વાદ નથી ચાખવા મળ્યો.

વૃક્ષો ભૂમિતિના આકારમાં નથી થતાં. વૃક્ષે વૃક્ષે આકાર જૂદો. વડ ઘટાદાર હોય, આસોપાલવ છટાદાર હોય, રાયણ દળદાર હોય, આંબલી-બાવળનું પાંદડું એકદમ નાનું તો નાળિયેર અને કેળનું પાન સૌથી મોટું - કેવી ગજબ જેવી વાત છે ! વાંસને આખા વરસમાં એક જ ફૂલ થાય છે તેમ ઉંબરાને પણ આખા વૃક્ષમાં એક વરસમાં એક જ ફૂલ થાય છે જેને 'ગૂલર' કહે છે, જે ભાગ્યશાળીને જ મળે છે !





વૃક્ષોનાં અંગોની પણ એટલી જ વિવિધતા છે. ધોરી મૂળ, મૂળ, થડ, છાલ, ડાળ, પાંદડાં, ફૂલ, ફળ, રસ, મંજરી, ગુંદર, કૂંપળ, કળી, છોડ, વેલ, વેલા, ચાર, ઘાસ, ડોડા, ડૂંડૂ, ભાજી, શાક, કંદમૂળ, મધ, રેસા, તાંતણા, સળી, વળી વગેરે વગેરે.

જ્યાં વધુ માણસ વસે, વિકસે તેવાં સ્થળોને ફળિયું, વાસ, પોળ, શેરી, વસાહત, ગામ, શહેર, જિલ્લો, રાજ્ય, રાષ્ટ્ર કહેવાય છે, તેમ વૃક્ષોનાં રહેઠાણોને પણ : વાડી, વન, જંગલ, વાડો, આંબાવાડિયું, ઝાડી, બાગ, બગીચો, વગડો, વનરાવન, વૃંદાવન, વનિતોદ્યાન, ઘટા - એમ ઓળખ માટે અસંખ્ય શબ્દો અસ્તિત્વમાં આવ્યા છે. આ તો માત્ર થોડાં ઉદાહરણો છે.

વાર, તિથિ, નક્ષત્ર, યોગ અને કરણને પંચાંગ કહેવાય છે તેમ મૂળ, છાલ, પાંદડાં, ફૂલ અને ફળને વૃક્ષોનાં પાંચ અંગ - પંચાંગ કહેવાય છે. પૃથ્વી ઉપર પૃથ્વીકાય, અગ્નિકાય, વનસ્પતિકાય, અપકાય, વાયુકાય, અને ત્રસકાય એમ છ પ્રકારની જીવસૃષ્ટિ છે એથી એ હકીકત તો નિર્વિવાદ છે કે વનસ્પતિમાં પણ જીવ છે જ. એ તો પેલી લજામણીનો છોડ અડતાંની સાથે જ શરમાઈ જઈને જીવંત સાક્ષી આપે છે છતાં પણ આપણે વનસ્પતિમાં જીવ છે એ માટે જગદીશચંદ્ર બોઝ સુધી રાહ જોઈ !

આ જ રીતે વૃક્ષઘટા, વૃક્ષનાથ (વડ), વનેશ્વર (શિવ), વગડાઉ, વડવાનલ, વન્યા (ચણોઠી), વનિતોદ્યાન, વૃક્ષમર્કટી (ખિસકોલી), શાખામૃગ (વાનર), વૃક્ષભવન (બખોલ), વૃક્ષામય (લાખ), વૃક્ષાલય (પક્ષી) જેવા સુંદર શબ્દો પણ આ જ વૃક્ષોએ આપ્યા છે. જેમાં બોધિવૃક્ષનો ઉમેરો કરીએ તો બુદ્ધ ભગવાન સુધી પણ પહોંચી શકાય છે. આધ્યાત્મિક ક્ષેત્રે કબીરવડ, શ્રીકૃષ્ણનું કદંબ વૃક્ષ, દેવોનું પારિજાત વૃક્ષ, શ્રીરામ-સીતાજીની પંચવટી, પીપળામાં હું છું એ ગીતાનો વિભૂતિ યોગ - વૃક્ષોના સુંદર સંયોગોની સાક્ષી પૂરે છે. નરસિંહ મહેતાને પણ કહેવું પડ્યું,

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પરંતરો એ જ પાસે, ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.

આથી જ બધી સરકારોએ પણ વૃક્ષોના જતન માટે ખાસ એક અલગ વિભાગ - વન વિભાગ શરૂ કર્યો છે. ઈસ ૧૯૪૯માં ભારત સરકારમાં માન. શ્રી કનૈયાલાલ મુનશી ખેતી અને વન મંત્રી હતા, એમણે 'વન મહોત્સવ' આપી વૃક્ષોનો આદર કર્યો છે, જે આવકાર્ય છે.

આપણે સૌ વૃક્ષોના આ વન મહોત્સવને દિલથી ઉજવીએ. વૃક્ષો વાવીએ, વૃક્ષોનું જતન કરીએ, નવા નવા છોડ ઉગાડીએ, વૃક્ષોને થતું નુકસાન અટકાવીએ, વૃક્ષોને ન કાપીએ કે કોઈને ન કાપવા દઈએ. દરેક ચોમાસામાં વ્યક્તિદીઠ એક વૃક્ષ વાવીએ તો પણ દર ચોમાસે એક અબજ વૃક્ષો નવા થાય એવી ગણતરીએ દસ વર્ષમાં ૫૦ ટકા વૃક્ષારોપણ સફળ થાય તો પણ શું ? ભયો ભયો થઈ જાય !

પ્રૉ. ટી એમ દાસે વૃક્ષોનું અધ્યયન કર્યા પછી ખાતરીપૂર્વક જાહેર કર્યું કે પચાસ વર્ષનું એક વૃક્ષ માનવજાતને રૂપિયા પંદર લાખ સિત્તેર હજારની કમાણી (ભેજ, રહેઠામ, ફળદ્રુપતા, ઑક્સિજન, ફળ, બળતમ, લાકડાં પેટે) કરી આપે છે. આટલું જાણ્યા પછી વૃક્ષોને નુકસાન કરવાનો કોઈનેય અધિકાર નથી એવું શું કહેવું પડશે ખરૂં ? સમજદાર કો ઈશારા હી કાફી હૈ.

- પી એમ પરમાર 'દર્શન'

